# વાઈબ્રન્ટ ઈફેક્ટ : શહેરમાં ફુટપાથની આભા નિખારવા માટે સફાઈ કામ શરૂ

## ફુટપાથની સફાઇ સાથે ગાબડા પુરવા રીપેરીંગ અને કર્બિંગને કલર પણ કરાશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં મુખ્યમાર્ગો તેમજ સેકટરોને જોડતા રસ્તાઓની આસપાસ તબક્કાવાર ફુટપાથનુ નેટવર્ક ઉભુ કરાયુ છે. છેલ્લા દોઢ દાયકામાં શહેરમાં મોટાભાગના માર્ગોની આસપાસ વોક વે તૈયાર કરી દેવાયો છે. પરંતુ કરોડોના ખર્ચે તૈયાર કરાયેલી ફુટપાથની જાળવણી ન થતા હાલ કંગાળ ફુટપાથ સેકટરવાસીઓ માટે પરેશાનીનુ કારણ બની છે. ફુટપાથ પર કચરાના ઢગ ખડકાયેલા છે જયારે કેટલાક ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે હવે વાઈબ્રન્ટ સમિટ નજીકમાં છે ત્યારે નગરની ફુટપાથના ગાબડા પુરવા માટે તંત્ર કામે લાગ્યુ છે. હાલ લાંબા સમયના અંતે ફુટપાથની સફાઈ તેમજ કર્બિંગના કલર માટે કામગીરી હાથ ધરાઈ છે.

ગાંધીનગરમાં માર્ગ સુધારણાની કામગીરી લાંબા સમયથી વિલંબમાં પડી હતી જયારે વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા માટે તંત્ર કામે લાગ્યુ છે. ત્યારે શહેરમાં માર્ગોનુ પેચવર્ક તેમજ સફાઇ અને ફુટપાથના ગાબડા પુરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મીનુ ફુટપાથનુ નેટવર્ક છે. પરંતુ લાંબા સમયથી ફુટપાથની જાળવણી ન થતા હાલ વોક વે નાગરિકો માટે બિનઉપયોગી બની રહ્યો છે. ગાબડાથી ઘેરાયેલી ફુટપાથ કેટલાક ઠેકાણે નીચે બેસી ગઈ છે. જયારે કેટલાક ઠેકાણે ચેકર ટાઇલ્સ ઉખડી જતા ખાડા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત કપાયેલા વૃક્ષોના થડીયા પણ હજુ ફુટપાથ પરથી દુર થયા નથી બીજીતરફ સફાઈના અભાવે ફુટપાથ પર જાડી ઝાંખરા ઉગી નિકળ્યા છે. તુટેલી ફુટપાથ સફાઈના અભાવે વધુ કંગાળ બની છે. ફુટપાથની દશા સુધારવા માટે લાંબા સમયથી કોઈ આયોજન કરાયુ નથી. જયારે હવે વાઈબ્રન્ટ સમિટના લીધે તંત્રએ ફુટપાથની દરકાર લેવાનો નિર્ણય કર્યો છે. ફુટપાથની રોનક નિખરે તે માટે અગાઉ સર્વે હાથ ધરાયો હતો જેના અંતે હવે ફુટપાથની સફાઈ તેમજ કર્બિંગને કલર કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગો પર ફુટપાથની લાંબા સમયના અંતે સફાઈ કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના મુખ્યમાર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા સહીત કેટ આઈ મુકવામાં આવશે જયારે માર્ગોની આસપાસ વન આરક્ષિત વિસ્તારનુ પણ સુશોભન કરાશે ત્યારે ફુટપાથ પણ આકર્ષક દેખાય તે માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અગાઉ ગત વાઈબ્રન્ટ વેળાએ નગરની ફુટપાથના કર્બિંગનુ કલરકામ હાથ ધરાયુ હતુ. જો કે મુખ્યમાર્ગો સિવાય સેકટરોને જોડતા અન્યમ માર્ગો પર ફુટપાથની હાલત અત્યંત કંગાળ છે ત્યારે આ સ્થિતિને ધ્યાનમાં રાખી વોકીંગ કરનારાઆને રાહત થાય તે માટે તમામ વોક વેને અનુલક્ષી યોગ્ય રીપેરીંગ કરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકોએ ઉઠાવી છે.



# જિલ્લામાં ૨૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકાની ૨ ગ્રામ પંચાયત સહિત જિલ્લામાં ૨૨ પંચાયતો સમરસ થઈ છે. ૨૦૧૭માં થયેલી ૧૬ સમરસ પંચાયતો સામે આ વખતે ૪ પંચાયતો વધુ સમરસ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાની ૩૦ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાવાની હતી જેમાંથી ૧૧ પંચાયતો સમરસ થઈ છે. દહેગામ તાલુકામાં ૮૪ પંચાયતોમાંથી ૯ પંચાયતો સમરસ થઈ છે.

જિલ્લામાં આ વખતે સમરસ પંચાયતોની સંખ્યા વધી છે. જો કે ઘણી બધી પંચાયતોમાં વોર્ડ સમરસ થયા છે તો કેટલાક ગામોમાં સરપંચ પદ માટે સર્વાનુમતી સધાઈ હોવાના અહેવાલો પણ છે.

જિલ્લામાં આ વખતે ૧૭૯ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે. જેમાંથી હવે ૨૦ પંચાયતો સમરસ થઈ છે એટલે ૧૫૯ જેટલી પંચાયતોની ચૂંટણી માટે આગામી ૧૯મી ડિસેમ્બરે મતદાન યોજાશે.

જિલ્લામાં ૧૭૯ સરપંચ પદ માટે ૮૩૬ ફોર્મ ભરાયા હતા જ્યારે સભ્યપદ માટે ૨૬૧૪ ફોર્મ ભરાયા હતા. કેટલાકે બે સેટમાં પણ ફોર્મ ભર્યા હતા.

ગઈકાલે ચકાસણીને અંતે સરપંચ પદ માટે ૮૩૦ અને સભ્યપદ માટે ૨૫૫૯ ઉમેદવારો મેદાનમાં હતા. આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો. સાંજે આ અંગેનું ચિત્ર સ્પષ્ટ થયું છે.

# ધોળાકુવાથી ગીફ્ટ સીટીને જોડતા માર્ગને વધુ આકર્ષક બનાવવા કમ્પાઉન્ડ વોલની કામગીરી આરંભાઈ

## વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી ગીફ્ટ સીટીને જોડતા શાહપુર ગીફ્ટ સીટી માર્ગનુ પણ બ્યુટિફિકેશન કરવામાં આવી રહ્ય છે : કમ્પાઉન્ડ વોલના નિર્માણ પાછળ ૭૦ લાખનો ખર્ચ કરાશે : એક મહીનામાં કમ્પાઉન્ડ વોલ તૈયાર થઇ જશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. શહેર તેમજ એરપોર્ટ અને ગીફ્ટ સીટી સાથે જોડાયેલા માર્ગોનુ પણ બ્યુટિફિકેશન તેમજ સફાઈ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ધોળાકુવાથી ગીફ્ટ સીટીને જોડતા માર્ગ પર કમ્પાઉન્ડ વોલ બાંધવામાં આવી રહી છે. જેની પાછળ અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ કરાશે જયારે આગામી એક મહીનામાં કમ્પાઉન્ડ વોલ બાંધવાનુ કામ પુર્ણ કરી દેવાશે આ માર્ગ વધુ આકર્ષક બને તે માટે કમ્પાઉન્ડ વોલના નિર્માણનુ કામ શરૂ કરી દેવાયુ છે.

ગાંધીનગરમાં આગામી મહીનામાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સમિટને અનુલક્ષી સમગ્ર તંત્ર તિવ્ર ગતિએ કામે લાગ્યુ છે. સમિટ દરમિયાન દેશ વિદેશના વી વી આઈ પી મહાનુભાવો દેશના મહેમાન બનવાના છે. જયારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ વાઈબ્રન્ટ સમિટમાં હાજરી આપવાના છે. જયારે મહાનુભાવોની મુલાકાતને અનુલક્ષી નગરને પણ વાઈબ્રન્ટ લુક આપવા માટે તૈયારીઓ ચાલી રહી છે. શહેરના માર્ગો તેમજ ફુટપાથ સહીત આસપાસના વિસ્તારનુ પણ બ્યુટિફિકેશન હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ચ-૦ થી ઈન્દિરાબ્રિજ માર્ગ આસપાસ પણ સફાઈ તેમજ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટમાં એરપોર્ટ માર્ગ તેમજ ગીફ્ટ સીટીને જોડતા રસ્તા પર પણ વી આઈ પી ઓની અવરજવર રહેશે જેને અનુલક્ષી આ વિસ્તારમા પણ જરૂરી કામો શરૂ કરી દેવાયા છે. ઈન્દિરાબ્રિજ માર્ગ પર સફાઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ પણ લગાવાશે જેથી રાત્રિના સમયે આ માર્ગ જગમગશે. આ ઉપરાંત ધોળાકુવાથી ગીફ્ટ સીટીને જોડતા માર્ગ પર પણ નવી કમ્પાઉન્ડ વોલ બાંધવામાં આવી રહી છે. પાટનગર યોજના વિભાગ દ્વારા આ કમ્પાઉન્ડ વોલ બાંધવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અંદાજિત ૮૦૦ મીટરની કમ્પાઉન્ડ વોલ તૈયાર કરવા માટે ગીફ્ટ સીટી કક્ષાએથી રજુઆત કરવામાં આવી હતી જેના અંતે વોલ બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ કામગીરી પાછળ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં કોરોનાના કેસમાં ઉછાળો : નવા ૬૧ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં કોરોનાના નવા ૬૧ નવા કેસ નોંધાતા ચકચાર મચી છે. તો બીજી તરફ ૩૯ દર્દી રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૩૩૯ અત્યાર સુધીમાં કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૪ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી આગળ વધી રહી છે. આજે કુલ રસીના ૩,૮૨,૭૪૦ ડોઝ આપવામાં આવ્યા હતા. હાલ રાજ્યમાં કુલ ૩૭૨ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૯ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૩૬૩ નાગરિકો સ્ટેબલ છે. બીજી તરફ ૮,૧૭,૩૩૯ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૦૯૫ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતની વાત છે કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું.

# કલોલમાં ૫૮ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ તાત્કાલિક સઘન સર્વેલન્સ કરવા માટેની સૂચનાઓ પણ આપી છે. જિલ્લામાં ૧૨ દિવસ બાદ કોરોનાનો કેસ નોંધાયો છે. છેલ્લે ૨૪મી નવેમ્બરના રોજ ગાંધીનગર તાલુકાના અડાલજ ગામે બે કેસ નોંધાયા હતા. આજે કલોલ અર્બન-૨ વિસ્તારમાં એક ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. આ મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીની આસપાસના ૧૦૭ જેટલા પડોશીઓને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. તંત્રએ અહિ સર્વેલન્સ પણ ચાલુ કરી દીધુ છે. જિલ્લાતંત્રએ ફરજીયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમની અમલવારી થાય તેમજ હોમ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી થાય તે જોવા માટે સૂચના આપી છે. અડાલજમાં નોંધાયેલા બન્ને દર્દીઓ કોરનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપી દેવામાં આવેલ છે.

# ગ્રામ પંચાયતોની ચુંટણીમાં ગાંધીનગર ડેપોની ૨૦ બસો દોડશે

## અગાઉ કોર્પોરેશનની ચુંટણીમાં પણ ડેપોએ બસો ફાળવી હતી : લગ્નસરાની મોસમના લીધે લગ્ન વર્ધિમાં પણ એસ ટી બસની વિશેષ માંગ

ગાંધીનગર તા ૭

કોરોના કાળમાં લાંબા સમયના અંતે એસ ટી બસ સેવા પૈડા ટ્રેક પર પુરપાટ દોડતા થયા છે. શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટમાં પણ ટ્રાફિક જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે હવે લગ્નસરાની મોસમ પણ નિખરતા એસ ટી બસનો લગ્નવર્ધિ માટે પણ વિશેષ ઉપયોગ થઈ રહ્યો છે. જયારે આગામી તા ૧૯ અને ૨૦ ડિસેમ્બરના રોજ ગ્રામ પંચાયતોની ચુંટણીને અનુલક્ષીને પણ જિલ્લા ચુંટણી તંત્રએ એસ ટી ડેપોને ૨૦ બસો ફાળવવા માટે માંગણી કરી છે જયારે એસ ટી કક્ષાએથી આ બસ સેવા પુરી પાડવા બે દિવસ બસો ફાળવવામાં આવી છે. અગાઉ કોર્પોરશનની ચુંટણીમાં પણ એસ ટી ડેપોએ બસ સેવા પુરી પાડી હતી જયારે તહેવારો બાદ લગ્નસરાની સિઝનના લીધે પણ એસ ટી એ તગડી આવક કરી છે.

ગાંધીનગર એસ ટી ડેપોએ અગાઉ દિવાળીના પર્વ દરમિયાન પણ વધારાની બસો દોડાવી તગડી આવક કરી હતી જયારે કોરાના કાળમાં છેલ્લા કેટલાક સમયથી એસ ટી ના પૈડા થંભી ગયા બાદ ધીમે ધીમે એસ ટી બસ ટ્રેક પર દોડતી થઈ જતા હવે એસ ટી નિગમે પણ રાહતનો શ્વાસ લીધો છે. અગાઉ લોકડાઉન તેમજ કોવિડની બીજી લહેરના અંતે એસ ટી ની સલામત સવારીમાં મુસાફરો બેસવાનુ ટાળતા હતા જયારે છેલ્લા ચાર મહીનાથી એસ ટી એ પણ તમામ રૂટોની બસ સેવા શરૂ કરી દીધી છે. શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટની અને વોલ્વો બસ પણ દોડતી થઈ ગઈ છે. જયારે ગત તહેવારોના દિવસોમાં સાતમ આઠમ તેમજ દિવાળી દરમિયાન પણ એસ ટી એ જરૂરી રૂટોમાં વધારાની બસો દાડાવી આવક મેળવી હતી આ ઉપરાંત કોર્પોરેશનની ચુંટણીમાં પણ બસ સેવા પુરી પાડી હતી. જયારે હવે આગામી તા ૧૮ અને ૧૯ ડિસેમ્બરના રોજ ગ્રામ પંચાયતોની ચુંટણીને અનુલક્ષીને પણ બસો ફાળવવામાં આવી છે. ગ્રામ પંચાયતોની ચુંટણીને અનુલક્ષી જિલ્લા ચુંટણી તંત્રએ એસ ટી ડેપો સમક્ષ બસ સેવાની દરખાસ્ત કરી હતી જેને અનુલક્ષી ડેપોએ આ બે દિવસ માટે ચુંટણીની કામગીરીને અનુલક્ષી ૨૦ બસો ફાળવી છે. અગાઉ કોર્પોરેશનની ચુંટણીમાં પણ સ્ટાફ અને જરૂરી સામગ્રી માટે બસો ફાળવવામાં આવી હતી. એકબાજુ લગ્નસરાની મોસમ પણ ચાલી રહી છે. ત્યારે લગ્ન વર્ધિ માટે પણ વિશેષ બસ સેવાનો ઉપયોગ થઈ રહ્યો છે. જેના લીધે હવે એસ ટી બસની આવક પણ વધી છે.

# મતદાર યાદી સુધારણા અભિયાનમાં તંત્રને ૭૨ હજાર અરજીઓ મળી

## ૪૧ હજાર અરજીઓ નામ દાખલ કરવા માટે મળી : હવે તંત્ર દ્વારા મળેલ અરજીઓની ચકાસણી આરંભાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણામાં ૭૨ હજાર જેટલી અરજીઓ મળી છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા અભિયાન ૫ મી ડિસેમ્બર સુધી લંબાવવામાં આવ્યુ હતુ.

મળતી વિગતો મુજબ જિલ્લામાં ૪૧ હજાર જેટલી અરજીઓ નવા નામ દાખલ કરવા માટે મળી છે. જ્યારે ૮ હજાર જેટલી અરજીઓ નામ કમી કરવા માટેની મળી છે.

જિલ્લાતંત્રને મળેલ અરજીઓમાં ૨૦ હજાર અરજી મતદારયાદી સુધારણા ઝુંબેશમાં સુધારા-વધારા કરવા માટેની મળી છે જ્યારે ૪ હજાર જેટલી અરજીઓ રહેઠાણમાં થયેલા ફેરફારને લઈ સુધારણા માટે મળી છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન મળેલ અરજીઓની ચકાસણી હવે હાથ ધરવામાં આવશે અને જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવશે.

આગામી વર્ષમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની હોવાથી આ સુધારણા અભિયાનનું વિશેષ મહત્વ હતુ. રાજકીય પક્ષોએ પણ આ વખતે વધુ સક્રિયતા દાખવી હતી.

જિલ્લામાં ૨૫ હજાર જેટલા ૧૮ થી ૧૯ વર્ષના મતદારોએ નામ નોંધાવવા માટેની અરજી કરી હોવાનું જાણવા મળેલ છે. સૌથી વધુ અરજીઓ ગાંધીનગર (દ), ગાંધીનગર (ઉ) અને કલોલમાંથી મળી છે.

# પૂર્વ મેયરના વિવાદાસ્પદ બિલ્ડીંગની તપાસ માટે કોર્ટ કમિશન રચાયુ

## કમિશન ૯મીના રોજ પોલીસ બંદોબસ્ત સાથે તપાસ કરી પોતાનો રિપોર્ટ બંધ કવરમાં કોર્ટને આપશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના પૂર્વ મેયર રીટાબેન પટેલના સે. ૧૧ ખાતેના વિવાદાસ્પદ બિલ્ડીંગની તપાસ માટે ગુજરાત હાઈકોર્ટે બે સભ્યોનું કમિશન બનાવી સ્થળ તપાસ કરાવવા અંગેના આદેશ કર્યા છે. આ કમિશન ૯મીના રોજ પોલીસ બંદોબસ્ત સાથે તપાસ કરી પોતાનો રિપોર્ટ બંધ કવરમાં કોર્ટને આપશે.

કોંગ્રેસના પૂર્વ કાઉન્સીલર પિન્કીબેન પટેલે કરેલ અરજીના સંદર્ભે આજે કમિશન રચવાનો હુકમ કરવામાં આવ્યો છે.

પૂર્વ મેયર રીટાબેન પટેલ જે.કે. ઈન્ફ્રા નામની કંપનીમાં ડિરેક્ટર તરીકે હોદ્દો ધરાવે છે. તેઓ મેયરપદે હતા ત્યારે તેમની કંપની દ્વારા સે. ૧૧માં બનાવેલી ૧૧ માળની વાણિજ્ય સંકુલ ગેરકાયદે હોવાનો વિવાદ થયો હતો.

પિન્કી પટેલની અરજીમાં દાવો કરાયો હતો કે મેયરની કંપનીએ બનાવેલી બિલ્ડીંગમાં વિકાસ પરવાનગી વગર કામ હાથ ધરાયુ છે અને જીડીસીઆરના નિયમોની જોગવાઈઓથી વિરૂદ્ધ વધારાના માળ બાંધવામાં આવ્યા છે. પૂર્વ મેયરની વિવાદાસ્પદ બિલ્ડીંગને વિકાસ પરવાનગીનો મુદ્દો વિચારાધીન હોવાનો સ્વીકાર મનપાના તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો.

આ સાથે મ્યુનિ. તંત્ર તરફથી રજૂઆત કરાઈ હતી કે વિકાસ પરવાનગી ન હોવાથી બિલ્ડીંગને બીયુ સર્ટિફિકેટ અપાયું નથી. બિલ્ડિંગનું બાંધકામ અટકાવી દેવાયું છે અને તેને લાઈટ, પાણી સહિતની સુવિધાઓ અપાઈ નથી. બિલ્ડીંગનું પઝેશન કોઈને અપાયું નથી અથવા તેનો ઉપયોગ પણ અટકાવી દેવાયો છે તેવો દાવો કરાયો હતો. જેના જવાબમાં અરજદાર તરફથી રજૂઆત થઈ હતી કે ઉક્ત બિલ્ડિંગમાં લાઈટ-પાણી સહિતની સુવિધાઓ છે તથા દરેક દુકાન દીઠ અલગ વીજ મીટરો લાગી ગયા છે. આ મીટર સબ જ્યુડિસ હોવા છતાં બિલ્ડીગિનો ઉપયોગ થઈ રહ્યો છે અને ઓક્યુપન્સી (કબજો આપવાની) પ્રવૃત્તિ ચાલુ છે.

દરમિયાન બિલ્ડર અને પૂર્વ મેયર તરફથી હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે અગાઉ તેમના બિલ્ડિંગને વિકાસ પરવાનગી મળેલી હતી અને તેના આધારે બાંધકામ ચાલતુ હતુ. દરમિયાન ઓક્ટોબર ૨૦૧૭માં નવા જીડીસીઆર અમલી થયા હતા. જેના પગલે ત્રણ માળ વધારાના ખેંચવાની મંજૂરી મળી શકે તેમ હતુ. તેથી વધારાના માળ સાથેની વિકાસ પરવાનગી મ્યુનિ. તંત્ર પાસેથી લેવાઈ હતી અને તેને મંજૂરી અપાઈ હતી. ફેબ્રુઆરી-૨૦૧૮માં મંજૂરી પાછી ખેંચી લેવાઈ હતી, પરંતુ આ અંગેની જાણ જુલાઈ-૨૦૧૮માં થઈ હતી અને ત્યાં સુધીમાં વધારાના ત્રણ માળ બની ગયા હતા. સાડા ચાર મહિનાના સમયમાં ત્રણ માળ બનાવી દેવાયા હોવાની ઉક્ત દલીલના સમર્થનમાં બિલ અને બાંધકામની વિગતો સહિતના પુરાવા રજૂ કરવા નિર્દેશ આપ્યા હતા.

ત્રણેય પક્ષની દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટે નોંધ્યુ હતુ કે અરજદાર તરફથી ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. તેથી તેની હકીકત ચકાસવા માટે બાર એસોસિએશનના બે સભ્યનું કમિશન બનાવવામાં આવે. આ બંને સભ્ય બિલ્ડીંગની મુલાકાત લઈને ચકાસણી કરશે તથા રિપોર્ટ રજૂ કરશે. રિપોર્ટમાં બિલ્ડિંગના સ્ટેસ ઉપરાંત તેનો વપરાશ થાય છે કે નહી, કેટલું બાંધકામ થયું છે, વીજળી, પાણી અને ગટર કનેક્શન અપાયા છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989**
**APPLICATION NO. 846 of 2020**

Smt.Aarva Hussain Jetpurwala & Ors ... Applicants
V/s
Shri Nafisul Hassan Sayyad ... Opp.Party
And
Bajaj Alliance Gen. Insurance Co.Ltd. ... Insurance

To,
Shri Nafisul Hassan Sayyad
14/134, Dalwada Marwad,
Nani Daman, Daman - 396210

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 06 on 21/12/2021 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 02/09/2021 with my signature and seal of the Judicial Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com